# શેઠ ડી.એમ.પોલિટેક્નિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ,વડોદરા ખાતે શિક્ષક દિનની ઉજવણી

ભારતરત્ન, પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૮ને ૧૯૬૨ની ૫મી સપ્ટેમ્બર થી દર વર્ષે ભારત દેશમાં દરેક શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષક દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. સ્વ. ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણ વ્યવસાયે શિક્ષક હતા અને વિધાર્થીઓ પ્રત્યે હંમેશા જોડાયેલ હતા તેમજ શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં તેમનું યોગદાન અનન્ય છે. શિક્ષક દિન રાષ્ટ્રગૌરવ સાથે સંકળાયેલ છે જેના કારણે વર્તમાન સમયમાં શિક્ષકોની રાષ્ટ્રના ઘડતરમાં આપેલ યોગદાન માટે સૌ યાદ કરે છે.

અત્રેની પોલિટેકનીકના વિદ્યાર્થીઓએ આ શિક્ષક દિનની ઉજવણી નિમિતે એક દિવસ માટે શિક્ષકનું પાત્ર નિભાવ્યું હતું. વિવિધ સત્રનાં ૧૫ વિદ્યાર્થીઓએ શિક્ષક દિનની ઉજવણી ભાગ લીધેલ હતો , જેમણે પ્રથમ , ત્રીજું અને પાંચમા સેમેસ્ટરમાં વિવિધ વિષયો પસંદ કરી લેકચર આપેલ હતો. આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ શિક્ષક માટેની સ્પર્ધા પણ રાખેલ. અત્રેની કોલેજના ત્રણ મદદનીશ પ્રાધ્યાપકની બનેલી કમિટીએ આ દિવસના શિક્ષકોનું મૂલ્યાંકન કરી પ્રથમ , દ્વિતીય અને તૃતીય રેન્ક આપી ત્રણ શિક્ષકોની પસંદગી કરેલ અને પ્રોત્સાહિત કરેલ. આ કાર્યકર્મનાં અંતે સ્પર્ધક વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષક દિનનાં અનુભવ અંગે પ્રતિભાવ લેવા માં આવ્યા અને અંતમાં અત્રેની પોલીટેકનિકનાં આચાર્ય ડૉ. બી. એચ. પંચાલે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વ્યકતવ્ય આપેલ. અંતમાં વિદ્યાર્થી સંઘનાં ચેરમેન ડૉ. આઈ. એન. ભાભોરે સૌનો આભાર માની રાષ્ટ્રગાનનું ગાન ગાઈને કાર્યક્રમ પુર્ણ જાહેર કરેલ હતો.






FRT-11







